જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૦૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૪,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૦૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૯ લીટર દેશી દારૂ, ૩૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૦૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યકિતઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી:** **સમાચાર યાદી નં.૧૯૦૯/૨૦૨૨**

**કાગડાપીઠ:** અરવિંદકુમાર ચંડીપ્રસાદ જાલન (ઉ.વ.૫૯)(રહે.અશ્વમેઘ સોસાયટી વિભાગ-૩ એવન સ્કુલ પાસે શ્યામલ ક્રોસ રોડ સેટેલાઇટ) એ તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૧૭ થી તા.૦૬/૦૪/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર ન્યુ ક્લોથ માર્કેટ ખાતે આવેલ અરવિંદકુમારની દુકાન નંબર-૨૨૩ ખાતેથી આરોપી (૧) “સાંઇનાથ ફેબ્રિકસ ફર્મ” ના પ્રોપરાઇટર વિષ્ણુપ્રસાદ જગદિશપ્રસાદ ગુપ્તા (રહે.વિકાસ સેન્ટર ડો.સી.જી.રોડ બસંત સિનેમા ચેમ્બુર પાસે મુંબઇ તથા દલાલ (૨) સુરેન્દ્રકુમાર કાશીનાથ જુનજુનવાલા (રહે.શિવ કોમ્પલેક્ષ બોપલ) નાઓએ ભેગામળી અરવિંદકુમારની બંને ફર્મો માંથી કુલ-૨૬૨ બીલોથી “શર્ટીંગ ફેબ્રિકસ” કાપડનો માલ કુલ રૂપિયા ૬,૩૭,૪૭,૮૮૪/- ખરીદ કરી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩,૭૮,૩૦,૦૦૦/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૨,૫૯,૧૭,૮૮૪/- આજદિન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.આચાર્ય ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૯૧૦/૨૦૨૨**

**ચાંદખેડા:** બીનાબહેન વા/ઓ રોકીભાઇ બલસારા (રહે,ભુમી આર્કેડ સાર્થી બંગ્લોઝની બાજુમાં ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૨ કલાક ૩/૩૦ થી સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનું સ્લાઇડર તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૭૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રણવિરસિંહ હાથીસિંહ ચલાવે છે.

**મણીનગરઃ** ચિંતનકુમાર વિનોદચંદ્ર શાહ (રહે.સુર્યા એપાર્ટમેન્ટ, ૧૮-દલાલ કોલોની, ગેટ નંબર-૧ રમણનગર મણીનગર) એ તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ થી તા.૧૪/૧૦/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૩૦,૫૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**<u>ચોરીઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૧/૨૦૨૨</u>**

**સેટેલાઇટઃ** ગૌરવ રાજેશભાઇ સોની (રહે.ડાયમંડ જ્યુબીલી બોયઝ હોસ્ટેલ ચેપ્ટ યુનિવર્સિટી પાછળ નવરંગપુરા) એ તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ  સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ જોધપુર ચાર રસ્તા વીનસ એમેડસ બીલ્ડીંગ જી-૧ ખાતેના “રીલાયન્સ જ્વેલ્સ” શો-રૂમમાં ગ્રાહકનાં સ્વાંગમાં આવેલ એક મહિલા બેંગલ્સ કાઉન્ટર નંબર-૩ ઉપર કર્મચારીની નજર ચુકવી સોનાનું કડું કિમત રૂપિયા ૧,૪૫,૩૦૨/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**દાણીલીમડાઃ** ગીરીશકુમાર ત્રીભુવનદાસ સેંગાલ (ઉ.વ.૬૪)(રહે.દર્શનમ રેસીડેન્સી, શ્રીજી વિલા-૩ સામે આજવા રોડ સયાજીપુરા વડોદરા) એ તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૨ કલાક ૯/૪૫ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ સર્કલ બી.આર.ટી.એસ.બસ સ્ટેશનથી કાશીરામ ટેક્ષટાઈલ બી.આર.ટી.એસ.બસ સ્ટેશન સુધીની બસની મુસાફરી દરમ્યાન બસમાં ગીરીશકુમારના પેન્ટના ખિસ્સામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૨/૨૦૨૨</u>**

**સોલા હાઇકોર્ટઃ** રેખાબહેન ડો/ઓ તુલસીરામ કુમાવત (રહે.સત્તાધાર સોસાયટી, દુધિયા ડેરીની સામે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી